ગાંધીનગર સમાચાર

વિકલાંગ વાહનચાલકોને હેલ્મેટમાંથી મુકિત આપવા પ્રબળ માંગ

## @ગાંધીનગર

● જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા સવારના ૮.૧૫ થી ૧.૦૦ કલાક દરમિયાન સે-૧૨, ડૉ. આંબેડકર હોલ ખાતે અભિવાદનનો કાર્યક્રમ યોજાશે.

● સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા અને જુનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા બપોરના ૩.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે શહેરના મૃતાત્માઓની શાંતિ અર્થે શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ દ્વારા બપોરના ૩.૦૦ કલાકે સે-૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે સન્માન સમારોહ યોજાશે.

● સંસ્કાર ગૃપ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે સે-૭, સુવિધા કચેરી-બગીચા ખાતે વીર જવાનોને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાશે.

# મીના બજાર સમસ્યાઓનું ઘર બન્યું !!

## ચોતરફ ગંદકીના થર : રસ્તા બિસ્માર અને સ્ટ્રીટ લાઈટો બંધ : આખા મીના બજારને પાણી પુરવઠો પુરો પાડતો એક માત્ર નળ પણ બંધ : ટેન્કર દ્વારા શૌચાલયને અપાતું પાણી બપોર સુધીમાં ખાલી થઈ જાય છે








ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના જુના સચિવાલય પાછળના મીના બજારમાં ગંદકીના થર ઉભરાઈ રહ્યાં છે. અહીં બનાવાયેલા શૌચાલયોમાં પાણીના અભાવે નર્કાગાર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. વળી અહીંના માઈક્રો શોપીંગની આસપાસના સ્ટ્રીટ લાઈટના વીજ થાંભલા પણ બંધ હાલતમાં હોવાથી સાંજના સમયે મુલાકાતીઓને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. બિસ્માર રસ્તાઓના કારણે પણ પરિસ્થિતિ વધુ પડતી વણસી જવા પામી છે.

મીના બજાર એ સચિવાલયના કર્મચારીઓ ઉપરાંત શહેરના નાગરિકો માટે પણ કિફાયતી ખરીદી માટેનું પસંદગીનું બજાર છે. ચાલુ દિવસ દરમિયાન અહીં મોટા પ્રમાણમાં ગ્રાહકોની ભીડ રહે છે. ગાંધીનગરનું સૌથી જુનું બજાર હોવા છતાં અહીં સવલતોના નામે મીંડુ છે. અહીંના માર્ગો બિસ્માર હાલતમાં છે અને આઠેક સ્ટ્રીટ લાઈટના થાંભલા શોભાના ગાંઠીયા સમાન છે. વળી, અહીં આખા મીનાબજારને પાણી પુરું પાડતો એક માત્ર પાણીનો નળ પણ બંધ હાલતમાં હોવથી પાણીની અછતની સમસ્યા પ્રવર્તી રહી છે. પાણીની અછતના કારણે ગંદકીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. અહીના જાહેર શૌચાલયમાં પાણીના નળનું કનેકશન નથી સવારે ટેન્કર દ્વારા અહીં પાણી પુરવઠો પુરો પડાય છે જે બપોર સુધીમાં તો ખલાસ થઈ જાય છે જેના કારણે શૌચાલય નર્કાગાર સમા બની જાય છે. અનેક સમસ્યાઓના કારણે મીનાબજારના વપારીઓ તથા મુલાકાતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. સત્વરે અહીં પાણી પુરવઠો પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે તેમજ નિયમિત સાફસફાઈ કાર્ય હાથ ધરાય અને રોડ-રસ્તા તથા સ્ટ્રીટલાઈટની મરામતનું કામ કરાય તેવી વેપારીઓ તથા મુલાકાતીઓમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૫-સી ખાતે સીએનજી પંપ સામેના વિસ્તારમં શનિવારની સવારે એક કપિરાજનું અવસાન થતા રહીશો એકઠા થઈ ગયા હતા. આ રહીશોએ મ્યુનિસિપલ કોર્પોરેશનને આ બાબતે ફોન કરી જાણ કરી હતી પરંતુ સાંજ સુધી આ અંગે કોઈ જ પગલાં લેવાયા નહોતા.

● શહેરના ઘ-૧ થી ગ-૧ તરફના માર્ગે તથા સે-૩-એ અને ૩ ન્યુ ખાતેના આંતરિક માર્ગો પર વૃક્ષોનું ટ્રીમીંગ કાર્ય હાથ ધરાયું હતું. શહેરમાં હજુ પણ અનેક માર્ગો પર જોખમી હાલતમાં વધી ગયેલ વૃક્ષોનું સમયસર ટ્રીમીંગ કરવું આવશ્યક જણાય છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સાતમા માળે આવેલા પિડિયાટ્રીક વિભાગમાં નર્સિંગ સ્ટાફે બાળકના સગા સાથે અસભ્ય વર્તન કર્યુ હતું. આ ઘટનાને પગલે બાળકના પિતાએ સિવિલ હોસ્પિટલના આરએમઓને ફરિયાદ કરી હતી.

● ગાંધીનગરથી પ્રારંભ થયેલ ચોટીલા ચામુંડા માતાજીના અખંડ દિવા માટે ઘી પુરવાની યાત્રાને જિલ્લામાંથી બીજા દિવસે ૨૮૫ કિલો ઘી પ્રાપ્ત થયું હતું. બીજા દિવસે આ રથયાત્રા જલુંદ, ધમાસણા, બાદોલ અને નારદીપુર જેવા ગામોમાંથી પસાર થઈ હતી.

● ગાંધીનગરમાં એક પછી એક અર્બન ગુજરાતી ફિલ્મોના કલાકારો ફિલ્મના પ્રમોશન માટે આવી રહ્યા છે. શનિવારની સાંજે શહેરના એક મલ્ટીપ્લેકસ ખાતે તાજેતરમાં રિલીઝ થયેલ 'ડેઝ ઓફ તફરી' ના કલાકારો આવ્યા હતા જેમાં 'છેલ્લો દિવસ' ફિલ્મમાં નિખિલનું પાત્ર ભજવનાર લોકપ્રિય કલાકારે આકર્ષણ જમાવ્યું હતું.

## પલ્લી મેળામાં દુકાનો ફાળવવા માટે બીજી ઓકટોબરે હરાજી

ગાંધીનગર, તા.૨૪

રૂપલ ગ્રામ પંચાયતના સરપંચના જણાવ્યા મુજબ ગુજરાતભરનો સુપ્રસિધ્ધ શ્રી વરદાયિની માતાજીનો પલ્લી મેળો આગામી તા. ૯ ઓકટોબરને રવિવારના રોજ યોજાશે. આ પલ્લી મેળામાં દુકાનોની વ્યવસ્થા માટેના પ્લોટો ગ્રામ પંચાયત રૂપાલ તરફથી ફાળવવામાં આવશે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પ્લોટોનું વેચાણ જાહેર હરાજીથી કરવાનું હોવાથી આગામી તા. ૨ ઓકટોબરને રવિવારના રોજ સવારના ૧૦ કલાકે વરદાયિની માતાજીના મંદિર આગળના પટાંગણમાં પ્લોટોની હરાજી કરવામાં આવશે.

## નેશનલ માસ્ટર્સ એકવેટિક ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના તરવૈયા ઉદય વૈષ્ણવ ઝળકયા

### ઉદય વૈષ્ણવે ૪૦૦ મીટરમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો : ગુજરાતની ટીમે પહેલા દિવસે જ ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર જીત્યા : હજુ આવતી કાલે વધુ મેડલ્સ મળવાની આશા

ગાંધીનગર, તા.૨૪

તેલંગાણાના સિકંદરાબાદ ખાતે ચાલી રહેલ ત્રીજી નેશનલ માસ્ટર્સ એકવેટિક ચેમ્પિયનશીપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહેલા ગાંધીનગરના તરવૈયાઓએ ડંકો વગાડી દીધો છે. ચેમ્પિનયશીપના પ્રથમ દિવસે જ ગુજરાતની ટીમે ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ હાંસલ કર્યા છે. જેમાં ગાંધીનગરના ઉદય વૈષ્ણવે ૪૦૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.

નેશનલ માસ્ટર્સ એકવેટિક ચેમ્પિયનશીપમાં કુલ ૬ તરવૈયાઓ શહેરમાંથી ભાગ લેવા ગયા હતા. જેમાં ઉદય વૈષ્ણવ, શરદ વ્યાસ, અશોક રાઠોજ, રણજીતસિંહ ઝાલા, રામભાઈ પરમાર અને મનિષા ત્રિપાઠીનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં દેશભરમાંથી ૨૫ થી ૭૫ વર્ષની વયના તરવૈયાઓ ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધામાં ગુજરાતની ટીમે પહેલા દિવસે જ ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ જીતી રાજયના નામનો ડંકો વગાડી દીધો છે. ગાંધીનગરના તરવૈયા ઉદય વૈષ્ણવે ૪૦૦ મીટર સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. હજુ આવતી કાલે પણ તેઓ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટરની સ્પર્ધામાં ભાગ લેવાના હોઈ તેમની પાસે વધુ મેડલ્સની આશા રખાઈ રહી છે. વળી, ગાંધીનગરના અન્ય સ્વીમર્સ પણ આવતી કાલે તેમના પ્રદર્શન થકી વધુ મેડલ અપાવી પાટનગર તથા ગુજરાત રાજયનું નામ રોશન કરે તેવી શકયતા છે.

## વનશ્રી ટ્રસ્ટે અકસ્માતમાં ઘવાયેલી ગાયનો જીવ બચાવ્યો

ગાંધીનગર, તા.૨૪

વનશ્રી ટ્રસ્ટ દ્વારા ગઈ કાલે મોડી રાત્રે અકસ્માતમાં ઘવાયેલી ગાયનો જીવ બચાવવા ઉમદા સેવા કાર્ય હાથ ધરાયું હતું. કુડાસણની કૃષ્ણકુંજ સોસાયટી પાસે અકસ્માતમાં ઘવાયેલી ગાય જીવન મરણ વચ્ચે ઝોલા ખાતી હતી. આ મુંગા જીવની ગંભીર હાલત સંદર્ભે વનશ્રી ટ્રસ્ટના આશુતોષ તિવારીને કોઈ પશુપ્રેમીએ ફોન મારફતે જાણ કરી હતી. જેમણે મોડી રાત્રે અમદાવાદના ડૉ. વોરાનો સંપર્ક કર્યો હતો. માત્ર અડધા જ કલાકમાં ડૉ. વોરાએ સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્ત ગાયની સારવાર કરી હતી. અકસ્માત દરમિયાન ગાયના મોંઢામાં શિંગડુ ઘુસી ગયું હોવાથી ગાયને વધુ સારવાર માટે લઈ જવાઈ હતી. આ સેવા કાર્યમાં રાજુભાઈ તેમજ ધવલ રાઠોડે ખડે પગે રહી યોગદાન પુરું પાડયું હતું તેમ વનશ્રી ટ્રસ્ટના પ્રમુખ અંજનાબેન નિમાવત દ્વારા જણાવાયું છે.





જિલ્લા શિક્ષણ, તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે શકિત વિદ્યાલય આલમપુર ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૬-૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગ-૪માં શ્રી વાસન વિદ્યા મંદિર વાસનની કૃતિ 'ઈકો ફ્રેન્ડલી એ.સી.' એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કૃતિ જિલ્લા કક્ષાએ યોજાનાર ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રજૂ કરવામાં આવશે. શાળાના વિજ્ઞાન શિક્ષિક કે.આર. મહેતાએ આ કૃતિનું માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળાની સિધ્ધિ બદલ આચાર્યા એમ.એમ. ત્રિવદીએ અભિનંદન પાઠવ્યા છે.

## જિલ્લાના આયુર્વેદિક અને હોમિયોપથી દવાખાનાઓમાં સોમવારે સુવર્ણપ્રાશન

ગાંધીનગર, તા.૨૪

બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે આયુર્વેદમાં પુષ્યનક્ષત્રમાં ઔષધો ચટાડવાનું વિશેષ મહત્વ છે. જેના લીધે બાળકોનો શારિરીક અને માનસિક વિકાસ ઝડપી વધે છે અને રોગપ્રતિકારક શકિત પણ વધે છે. જિલ્લા આયુર્વેદિક કચેરી દ્વારા તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન જિલ્લાના આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાખાનાઓમાં બાળકોને સુવર્ણપ્રાશન ટીપા પીવડાવવામાં આવશે. શહેરના સે-૭ અને ૨૯ સ્થિત સરકારી આયુર્વેદિક દવાખાનામાં પણ સુવર્ણ પ્રાશનની વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા આયુર્વેદિક અધિકારી ડૉ. બી.ટી. પટેલે આ અંગે વધુમાં જણાવ્યું છે કે જિલ્લાના પોર, જમીયતપુરા, અમીયાપુર, સરઢવ, કુડાસણ, રીદ્રોલ, પરબતપુરા, ઈસંડ, પીંપળજ, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, ખાનપુર, કલોલ, ડભોડા, ચિલોડા, માણસા, કડજોદરા, રામનગર, અલુવા સહિતના દવાખાનાઓમાં સુવર્ણપ્રાશનની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ઝુંડાલ કેનાલમાં ઝંપલાવી ચાંદખેડાનાં યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ગામની સિમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ગઈ બપોરે ચાંદખેડાના યુવાને છલાંગ લગાવીને મોતને વ્હાલુ કરી દીધુ હતુ. તેને કુદતો જોઈને રાહદારીઓએ પણ બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પાણીના પ્રવાહમાં તણાઈ જતા તેને બચાવી શકાયો ન હતો. અડાલજ પોલીસને ઘટનાની જાણ કરતા મૃતદેહ બહાર નિકાફી પી.એમ માટે મોકલીને વધુ તપાસ શરુ કરી છે.

ઝુંડાલ કેનાલ બહારની બાજુમાં બાઈક મુકીને ગઈ બપોરનાં અરસામાં એક યુવાને



કેનાલમાં પડતુ મુક્યુ હતુ. ત્યાંથી પસાર થઈ રહેલા રાહદારીઓ અને ગ્રામજનોનુ ધ્યાન જતા ડુબી રહેલા યુવાનને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે પાણીના પ્રવાહમાં તણાઈને ડુબી જતા તેનુ મૃત્યુ થવા પામ્યુ હતુ. ઘટના અંગે પોલીસને જાણ થતા અડાલજ પોલીસ મથકનાં જમાદાર મુફજીભાઈએ સ્થફ પર પહોંચી મૃતદેહ પી.એમ માટે મોકલી તેની ઓફખ માટે તજવીજ શરુ કરી હતી. કેનાલ બહાર પડેલા બાઈકનાં નંબરને આધારે તપાસ કરતા તેની ઓફખ થવા પામી હતી. ચાંદખેડા વિસ્તારમાં રહેતો ૩૬ વર્ષિય કર્મચારી પિનાકીનભાઈ જીવરામભાઈ મકવાણા હોવાનુ બહાર આવ્યુ હતુ. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનુ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## વિકલાંગ વાહનચાલકોને હેલ્મેટમાંથી મુકિત આપવા પ્રબળ માંગ

ગાંધીનગર, તા.૨૪

વિકલાંગ વાહનચાલકોને હેલ્મેટમાંથી મુકિત આપવા પ્રબળ માંગ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગના સેકશન અધિકારી રમિલાબેન જોષીએ આ અંગે મુખ્યમંત્રીને રજૂઆતમાં જણાવ્યા અનુસાર વિકલાંગ વાહનચાલકોને વાહનના રોજીંદા ઉપયોગ દરમિયાન આમ પણ મુશ્કેલી વેઠવી પડે છે. રોજીંદી ચીજવસ્તુની ખરીદી તેમજ પેટ્રોલ ફીલપ કરાવતી વેળાએ હેલ્મેટ સાથે રાખવું મુશ્કેલ બને છે. જયારે હેલ્મેટ પહેરતી અને કાઢતી વખતે પડી જવાનો ભય રહે છે. વધુમાં વાહનમાંથી હેલ્મેટ ચોરાઈ જવાના કિસ્સાઓ પણ વધુ બની રહ્યા છે. ત્યારે વિકલાંગતાના લીધે હેલ્મેટનો ઉપયોગ કરવાનું વિકલાંગ વાહનચાલકો માટે એક રીતે ભયજનક હોવાનું સ્પષ્ટ થયું છે આ સ્થિતિને લઈ વિકલાંગ ભાઈ બહેનોને હેલ્મેટમાંથી મુકિત આપવા તેમણે જણાવ્યું છે.

## બ્રહ્મસમાજના અગ્રણી રમેશચંદ્ર બી. રાવલનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૨૪

ઈસનપુર મોટાના વતની, પૂર્વ સરપંચ, સામાજીક કાર્યકર, કેળવણીકાર તથા બ્રહ્મસમાજમાં આગવી ઓળખ અને પ્રતિભા ધરાવતા રમેશચંદ્ર બી. રાવલનું ગત તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમના દુઃખદ અવસાનથી બ્રહ્મસમાજ તથા સમગ્ર ગાંધીનગરમાં શોકની લાગણી વ્યાપી છે.



છેલ્લા ૫૦ વર્ષથી ગાંધીનગરમાં તમામ ક્ષેત્રમાં સક્રિયપણે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા તેમજ સંપૂર્ણ સાત્વિક જીવન જીવતા તથા ગાંધીજીના સિધ્ધાંતોના પ્રખર અનુયાયી કહી શકાય તેવા ધર્મનિષ્ઠ કથાકાર સ્વ. રમેશચંદ્ર રાવલના અવસાનથી બ્રહ્મસમાજ અને ગાંધીનગરવાસીઓને કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે તેમના અવસાને સમાજે દુઃખની લાગણી વ્યકત કરી છે.

## નવરાત્રીમાં નવાર્ણ મંત્રલેખન દ્વારા 'મા જગદંબા'ની આરાધના

ગાંધીનગર, તા.૨૪

નવરાત્રી એટલે 'મા' નવદુર્ગા-'મા' શકિતની પૂજા-અર્ચના, યજ્ઞ-યાગ, અનુષ્ઠાન, ઉપવાસ, ધ્યાન, મંત્રાજાપ, મંત્રલેખન, ગરબા વિગેરે દ્વારા આરાધના કરવાના રૂડેરા દિવસો તેમાં આસો માસની નવરાત્રીનુ આગવું મહત્વ છે. ભકતો ભાદરવા માસમાં અંબાજીની પદયાત્રા કરી 'મા' જગદંબાના ચરણોમાં શીષ નમાવી, આગામી નવરાત્રીમાં પોતાના ગામ-શહેરમાં આયોજીત ગરબીમાં પધારવા 'મા' ને ભાવપૂર્વક આમંત્રણ પાઠવે છે.

દર વર્ષે ગાંધીનગરના આંગણે યોજાતી કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગર દ્વારા રથમાં માતાજીને બિરાજમાન કરી ભકતોના દર્શનાર્થે સ્થાપન કરવામાં આવે છે. આ વર્ષે 'મા'ના નીજ મંદિર આરાસુર અંબાજી મંદિરના ગર્ભગૃહમાં પ્રજવલિત 'મા'ની અખંડ જયોતનો પવિત્રતાપૂર્વક લાવી તા.૧ને પ્રથમ નોરતાની સાંજે ૫.૦૦ કલાકે સે-૧૩-બીના શકિતચોકમાંથી વાજતે ગાજતે સે-૬ની કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં મનોહર રથમાં જયોતિ સ્વરૂપે 'મા'નું સ્થાપન કરી વિશેષ આરાધના કરવામાં આવનાર છે. જેના ફલ સ્વરૂપે દિવ્ય જયોતના



સાક્ષાત દર્શન કરી ખેલૈયાઓમાં ગરબે ઘુમવાનો આનંદ-ઉત્સાહ બેવડાશે.

શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે દર વર્ષે સવા કરોડ 'નવાર્ણમંત્ર' (ૐ ઐં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચે) લેખનની પ્રવૃત્તિ પરિવારના ગુપ્ત દાતા વર્ગના અનેરા સહયોગથી નિયમિત કરવામાં આવે છે. મહાલક્ષ્મી, મહાકાલી અને મહાસરસ્વતી એ ત્રણેય સ્વરૂપમાંથી પ્રગટ થયેલ એક રૂપ એવા 'મા' ચામુંડા (જગદંબા)ને હું નમન કરું છું. પૂજન કરું છું એવા આનંદ સાથે હૃદયના શુધ્ધ ભાવથી નવાર્ણ મંત્રલેખન કરવામાં આવે તો તેનું ફળ અવશ્ય મળે છે. એવું દેવી ભાગવતમાં વિધાન છે. એમાંય નવલી નવરાત્રીમાં માતાજીના આ મંત્રલેખન કરવાનો મહિમા સવિશેષ છે. આ પરિવાર દ્વારા નવાર્ણમંત્ર મંત્રલેખન બુક અને લાલ પેનનું વિતરણ નીચેના કેન્દ્રો પરથી વિના મૂલ્યે કરવામાં આવનાર છે. લલિતભાઈ પટેલ-પ્લોટ નં. ૯૭૬/૨-સે-૧૩-બી, વિષ્ણુભાઈ પટેલ પ્લોટ નં. ૫૬૨/૨-સે-૨૨, અશોકભાઈ મિસ્ત્રી, પ્લોટ નં. ૨૯૦-એસ/૨ : સે-૨૦, ચંદ્રેશભાઈ ગાંધી પ્લોટ નં. ૯૩૮/૧- સેકટર-૭-સી, સતિષભાઈ પટેલ પ્લોટ નં. ૮૫૦/૨-સેકટર-૪-સી, અશોકભાઈ પટેલ પ્લોટ નં. ૩૬૮/૨ કિસાનનગર સે-૨૬, સુરશભાઈ પારેખ, પ્લોટ નં. ૩૩૨/૨-સેકટર-૨-બી.

નવાર્ણ મંત્રલેખન કરવા માગતા ભાવિકોને કોઈ પણ કેન્દ્ર પરથી મંત્રલેખન બુક અને પેન મેળવી, શ્રધ્ધા અને પવિત્રતાપૂર્વક મંત્રલેખન કરી સમયમર્યાદામાં પરત જમા કરાવવા શ્રી જય અંબે પરિવારના મહામંત્રીશ્રી વિષ્ણુભાઈ જે. પટેલે જણાવ્યું છે.

### અવસાન નોંધ

જયસુખભાઈ લાભશંકર જોષીનાં માતૃશ્રી સ્વ. સંતોકબેનનું દુઃખદ અવસાન થયેલ છે. બેસણું આજે પ્લોટ નં. ૧૬૭૮/૧, સે-૫-સી ખાતે બપોરે ૩ થી ૬ કલાકે રાખેલ છે.

### ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર ભુલારામ રાવલ, ઉ.વ. ૭૯
- સ્વ. મેનાબેન પ્રભાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. મણીબેન આત્મારામ ઠાકોર, ઉ.વ. ૯૦